# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-07-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# DAY AIR INDIA CRASH-PRELIMINARY REPORT

વિમાન અકસ્માત તપાસ સંસ્થા-AAIB એ અમદાવાદની વિમાન દુર્ઘટનાની તપાસનો 15 પાનાનો પ્રારંભિક અહેવાલ રજૂ કર્યો હતો. એર ઇન્ડિયા ફ્લાઇટ AI 171 બોઇંગ 787-8 વિમાન સાથે સંકળાયેલી દુર્ઘટના સુધીની ઘટનાઓ અને એન્જિન સ્થિતિની તપાસ કરતા અહેવાલમાં ખુલાસો થયો હતો કે વિમાનના એન્જિનમાં ઇંધણ બંધ થઈ ગયું હતું.

AAIB એ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, ઉડાન ભર્યાના થોડા જ સેકન્ડમાં, વિમાનના બંને એન્જિન, ફ્યુઅલ કંટ્રોલ સ્વીચો 'RUN' થી 'CUTOFF' સ્થિતિમાં એક પછી એક 1 સેકન્ડના સમય અંતરાલ સાથે બંધ થઈ ગયા, જેના પરિણામે વિનાશક હવાઈ દુર્ઘટના બની. પ્રારંભિક તપાસ અહેવાલ મુજબ, કોકપીટ વોઇસ રેકોર્ડર પર એક પાઇલટ બીજાને પૂછતો સાંભળી શકાય છે કે તેણે એન્જિનમાં ઇંધણ પુરવઠો કેમ બંધ કર્યો, જેના જવાબમાં બીજા પાઇલટે કહ્યું કે તેણે નથી કર્યું.

AAIB એ જણાવ્યું હતું કે, ઇંધણ નિયંત્રણ સ્વીચો પાછળથી ચાલુ કરવામાં આવી પરંતુ એક એન્જિનમાં સર્જાયેલી ખામીને રોકી શકાઈ ન હતી. વિમાનમાં ઇંધણ ભરવા માટે ઉપયોગમાં લેવાતા બોવર્સ અને ટેન્કોમાંથી લેવાયેલા ઇંધણના નમૂનાઓનું નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલાય DGCAની લેબમાં પરીક્ષણ કરાયું અને તે સંતોષકારક જણાયા હતા. જોકે, APU ફિલ્ટર અને ડાબી પાંખ પરના રિફ્યુઅલ/જેટીસન વાલ્વમાંથી મર્યાદિત માત્રામાં જ ઇંધણ મળી શક્યું હતું. રિપોર્ટમાં એમ પણ જણાવાયું છે કે, તપાસ ટીમ હિસ્સેદારો પાસેથી માગવામાં આવતા વધારાના પુરાવાઓની સમીક્ષા કરશે..

. . . . . . . . . .

# TAPI HARSH SANGHAVI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તાપી જિલ્લાના વ્યારા અને સોનગઢ ખાતે એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરાયું હતું. આ પ્રસંગે જિલ્લામાં 20 હજારથી વધુ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં વન રાજ્યમંત્રી મુકેશ પટેલ, આદિજાતિ મંત્રી કુંવરજી હળપતિ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ શ્રી સંઘવીએ પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું.

(બાઈટ: હર્ષ સંઘવી (ગૃહ રાજ્ય મંત્રી)

. . . . . . . . . . .

# JUNAGADH LOK ADALAT

રાજ્યના જિલ્લાઓમાં રાષ્ટ્રીય લોક અદાલતના આયોજનની સૂચના અન્વયે જુનાગઢ જિલ્લાની અદાલતમાં આજે લોક અદાલત યોજાઇ. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ બી. જી. દવેના માર્ગદર્શન હેઠળ આ લોક અદાલતમાં ચેક રિટર્ન, અકસ્માતમાં મૃત્યુ પામનારના પરિવારજનોના કેસોમાં સમાધાન થઈ શકે તેવા કેસનો નિકાલ લાવવામાં આવ્યો હતો. દિવ્યાંગ લોકો એ પણ આ ન્યાયિક પ્રક્રિયામાં ભાગ લઇ લોક અદાલતને સફળ બનાવી હતી.

. . . . . . . . . .

# ROAD REPAIRING

રાજ્યમાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારના રસ્તાઓને નુકસાન પહોંચ્યું હતું. ત્યારે તંત્ર દ્વારા આ રસ્તાઓનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. સાબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ નગરપાલિકા દ્વારા તાત્કાલિક માર્ગની  મરામત કામગીરી કરવામાં આવી છે. દરમિયાન દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં વાંસિયા ડુંગરી મંડોર-વરઝર માર્ગ, સંજેલી તાલુકામાં સંજેલી સ્ટેશનથી માંડલી મુખ્ય રસ્તાને જોડતો માર્ગ સહિત અનેક રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .

# BANASKANTHA DIVERSION

બનાસકાંઠા જિલ્લાની બનાસ નદી પરના પુલ પર ભારે વાહનો માટે પ્રતિબંધ લગાવાયો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ મિહિર પટેલ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા અનુસાર ઈકબાલગઢ-ખારા માર્ગ બંધ કરાયો છે. ત્યારે ઇકબાલગઢથી ખારા તરફ જતા ભારે વાહનોને હવેથી ઈકબાલગઢથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર થઈ વાયા સરોત્રા-ઘાંટા- બાલુન્દ્રા થઈ ખારા તરફ જવાનું રહેશે. ખારા તરફથી ઈકબાલગઢ તરફ જતા ભારે વાહનોને હવેથી બાલુન્દ્રા ત્રણ રસ્તાથી ઘાંટા થઈ સરોત્રાથી ઈકબાલગઢ તરફ જવાનું રહેશે. જ્યારે રાજસ્થાન તરફથી તેમજ કપાસીયાથી આવતા

ભારે વાહનોને હવે કપાસિયાથી ઘાંટાથી થઈ સરોત્રા થઈ ઈકબાલગઢ તરફ જવાનું રહેશે.

. . . . . . . . . . .

## MAHESANA - MAHANAGARPALIKA

મહેસાણા નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બની અમલમાં આવ્યું  છે. ત્યારે તેમાં 14 ગામોનો સમાવેશ કરાયો છે.

અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ  મહેસાણા હવે  79.5 કિ.મી. વિસ્તારમા ફેલાયેલું છે. સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા મહેસાણા મહાનગરપાલિકામાં સૂચના જાહેર કરીને કુલ 13 વોર્ડ જેમાં 4 બેઠક મુજબ 52 કાઉન્સિલરો સાથે 50 ટકા મહિલા અનામત બેઠકો રહેશે, અને એક વોર્ડમાં 18 હજાર મતદારો રહેશે.

. . . . . . . . . . .

## DANG PRAVASAN SAMITI

ડાંગ જિલ્લાના પ્રવાસન સ્થળોએ આંતર માળખાકીય સુવિધાઓ શરૂ કરવા અંગે જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને આહવા ખાતે જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઇ હતી.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, આ બેઠકમા સાપુતારા સનસેટ પોઇન્ટને અપગ્રેડ કરી, પાર્કિંગની વ્યવસ્થા

ઉભી કરવી, નોટિફાઈડ એરિયામા પ્રવાસીઓ વપરાશ કરી શકે તેવા શૌચાલય તેમજ ડ્રેનેજ લાઇનના બાંધકામનુ આયોજન, મહાલ રોડની પહોળાઈ પાંચ મીટર સુધી કરવા માટેની મંજૂરી જેવા મુદ્દે ચર્ચા કરાઇ હતી.

..........................................